## સંક્ષિપ્ત સમાચાર

### હિંમતનગર બાયપાસ રોડ પરથી ૧.૧૯ લાખનો દારૂ અને બિયરનો જથ્થો પકડાયો

૩૧ ડિસેમ્બરને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે નવા વર્ષની ઉજવણી માટે કેટલાક બુટલેગરો પાસ પરમીટ વિના ગુજરાતમાં દારૂ ઘૂસાડવાનો જોરદાર પ્રયાસ કરી રહ્યા છે ત્યારે રવિવારે બપોરે હિંમતનગર બાયપાસ રોડ પરથી બી-ડીવીઝન પોલીસે એક કારમાં પાસ પરમીટ વિના બે શખ્સો રૂા.૧.૧૯ લાખથી વધુનો દારૂ અને બિયરનો જથ્થો લઈને જતા હોવાથી બાતમીને આધારે તેમને ઝડપી લીધા હતા.

રવિવારે બપોરના સુમારે બી-ડીવીઝન પોલીસે બાતમીને આધારે હિંમતનગરના બાયપાસ રોડ પર વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતું. દરમિયાન અહીંથી પસાર થતી કાર નં.જીજે.૯.બીસી.૫૬૪૦ ને ઉભી રાખી તેમાં તપાસ કરતા દારૂ અને બિયરનો મળી રૂા.૧,૧૯,૨૦૦નો પાસ પરમીટ વિનાનો જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ પોલીસે ધર્મેન્દ્ર નટવરલાલ દરજી અને ચંદુભાઈ ડુંગરભાઈ ગવારીયાને ઝડપી લીધા હતા અને તેમની પાસેથી બે મોબાઈલ કબજે લઈ રૂા.૫.૨૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લીધો હતો.

### પોશીના તાલુકામાં શાળા બાંધકામ વિભાગના ટી.આર.પી. દ્વારા શિક્ષકોને ત્રાસ અપાતો હોવાનો આક્ષેપ

સરકાર દ્વારા દરેક તાલુકાકક્ષાએ શાળા બાંધકામ વિભાગમાં એક ટેકનીકલ રીસોર્સ પર્સનની જગ્યા છે. જેઓને તાલુકાની શાળાઓમાં ચાલતા બાંધકામ કક્ષાના કામોની દેખરેખ રાખવાની હોય છે. પોશીના તાલુકામાં ટી.આર.પી. તરીકે કેતનભાઈ ચૌહાણ હંગામી ધોરણે સેવાઓ આપી રહ્યા છે. તેઓની જોહુકમી અને ગેરવર્તુણકથી શાળાઓના શિક્ષકો અને કેટલાક કોન્ટ્રાકટરોને મોટી હાલાકી ભોગવવી પડી રહી છે. પોતાના માનીતા અને વિસ્તાર બહારના કોન્ટ્રાકટરોને કામ આપી ભાગ-બાટાઈ કરવામાં માહેર તાલુકા કક્ષાના આ એન્જિનીયરને જાણે પોતાની ઉપલા અધિકારીઓની કોઈ રોકટોક ના હોય તેમ બેફામ રીતે કટકી વ્યવહાર ચલાવી કામોની ગુણવત્તા બગાડવામાં આવી રહી હોવાનો આક્ષેપ તાલુકાના શિક્ષકોએ નામ ન આપવાની શરતે કરી તેની જાણ કરી છે. જેથી આવા ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે તાલુકાના શિક્ષણ જગતમાં ભારે રોષ વ્યાપ્યો છે.

### સવગઢમાં મહિલાને દહેજના મામલે ત્રાસ અપાતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગરના સવગઢ ખાતે રહેતા રૂબીનાબાનુ રમજાનભાઈ લાલસા ફકીરની દીકરીને તેના પતિ અબ્દુલમજીદ અબ્દુલસત્તાર દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી તું અમારા સમાજની નથી અને દહેજમાં કઈ લાવી નથી તેમ કહી રૂા.૫ લાખ પિયરમાંથી લઈ આવવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી અપાતી હતી. જેથી રૂબીનાબાનુએ પતિ અબ્દુલમજીદ મેમણ, અબ્દુલરહીમ મેમણ, રસીદાબાનુ મેમણ અને અબ્દુલસત્તાર મેમણ વિરૂધ્ધ શનિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં દહેજધારા અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી.

### વિજયનગરના બંધણા ગામે છેડતી કરવા બાબતે ઝઘડો થતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

વિજયનગર તાલુકાના પોળો નજીક આવેલ બંધણા ગામે શનિવારે રાજસ્થાનના ઝાડોલ તાલુકાના આંબલીયા ગામના ચાર શખ્સોએ અગાઉ છેડતી કરવાના મામલે થયેલા ઝઘડાની અદાવત રાખી એક મહિલા પર હુમલો કરી ઘર આગળ પડી રહેલા વાહનની તોડફોડ કરી હતી. જેથી મહિલાએ ચાર જણા વિરૂધ્ધ રવિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બંધણા ગામે રહેતા જયાબેન કિરીટભાઈ ડામોરના ઘરે શનિવારે આંબલીયા ગામના હર્ષદભાઈ ખરાડી, દિનેશભાઈ ખરાડી, પ્રજ્ઞેશભાઈ ખરાડી અને સુરપાલભાઈ ખરાડીએ આવી જયાબેનને કહ્યુ હતું કે તારો ઘરવાળો કયાં ગયો છે, તેણે અમારી ભાભી સાથે છેડતી કરી હતી તેમ કહી જયાબેનને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ આ ચારેય શખ્સોએ જયાબેનના ઘર આગળ પડેલ વાહનની પણ તોડફોડ કરી નુકશાન પહોંચાડયુ હતું. જે અંગે જયાબેને રવિવારે ચારેય જણા વિરૂધ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### હિંમતનગર ખાતે નાણાંકીય સાક્ષરતા શિબિર યોજાઇ

ભારત સરકારના નાણાં વિભાગ દ્વારા શનિવારે નાણાંકીય સાક્ષરતા કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સ્વામીનારાયણ મંદિર ખાતે દેનાબેંક તથા દેના ગુજરાત ગ્રામીણ બેકના સંયુકત ઉપક્રમે નાણાંકીય સાક્ષરતા શિબિર યોજાઈ હતી.

જેમાં દેનાબેંકના ચેરમેન અશ્વિનીકુમારે ગુજરાતીઓ નાણાં બચાવનો સ્વભાવને લીધે આર્થિક સધ્ધરતા આવી હોવાનું જણાવી તેમણે કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કલેકટર પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન.એમ., દેનાબેંકના જનરલ મેનેજર વી.એસ.ખીચી, દેના ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન જી.કે.પાનેરી તથા દેનાબેંક ગાંધીનગર ઝોનલ મેનેજર શ્રીમતી ચિત્રા કીર્તિવાસન ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત અકસ્માતે મૃત્યુ પામનાર લાભાથીઓના પરિવારજનોને સહાયના ચેકનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યુ હતું.

### ધાનેરા ઈન્ડિયન ગેસ ઓફિસ દ્વારા ચાલતી ખુલ્લેઆમ દાદાગીરી

#### સગડી લેશો તો જ કનેક્શન નવું મળશે

ધાનેરા ઈન્ડિયન ગેસ એજન્સી ચલાવતા ઈસમો કેટલાક દિવસથી ગેસના બાટલા બ્લેકમાં વેચી લૂંટ ચલાવી રહ્યા છે. પરંતુ હવે બીપીએલ લાભાર્થીઓને ફક્ત ડિપોઝીટ વગર બાટલા આપવા માટે ૧૨૦૦ જેવી રકમ ભરી મળી શકે છે. પરંતુ ઈન્ડિયન ગેસ કંપની ધાનેરાવાળાઓ સાથે ૧૭૦૦ રૂ.ની સગડી ફરજીયાત પધરાવી રહ્યા છે. અને સગડી લેવાનું ઈન્કાર કરનાર ગ્રાહકને કનેક્શન મળશે નહિ અને કાગળો ફાડીને ફેકી દો એવા જવાબો આપવામાં આવે છે.

આમ સાઈડમાં એજન્સી લઈ નવીન ગ્રાહકોને ફરજીયાત સગડી આપવા માટે મનમાની કિંમતો લઈ પોતાનો વટ જમાવી રહ્યા છે. આ બાબતે પુરવઠા મામલતદાર તપાસ કરી ધાનેરાના નવિન ગ્રાહકો (બીપીએલ) માટે ન્યાય આપવા લોકોની માંગ છે.

# ભિલોડા પંથકમાં તસ્કર રાજ

**રાયસિંગપુરમાં ઘુસેલા તસ્કરો મકાનમાંથી ૭.૬૪ લાખની મત્તા સાફ કરી ગયા : તસ્કરો સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહિત ઘરવખરીની ચીજવસ્તુઓ ઉપાડી ગયા**


ભિલોડા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના રાયસિંગપુર ગામમાં એક બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. સોના-ચાંદીના દાગીના, સોનાની લગળી સહિત વિવિધ ચીજવસ્તુઓની ચોરી કરી અજાણ્યા તસ્કરી પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી છે. રાયસિંગપુર ગામના નિવૃત્ત શિક્ષકના ઘરને તસ્કરીએ નિશાન બનાવી ફુલ-ગુલાબી કાતીલ ઠંડીનો લાભ ઉઠાવી નરસિંહભાઈ વાલજીભાઈ ડામોરના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડા રૂ. સહિત વિવિધ ચિજવસ્તુની તસ્કરી કરી જેની અંદાજીત કુલ મુદ્દામાલની કિં. રૂ. ૭,૬૪,૫૫૦ના મુદ્દામાલની ચોરી કરી તસ્કરી ટોળકી પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ભિલોડા તાલુકાના રાયસીંગપુર ગામના નરસિંહભાઈ વાલજીભાઈ બાળકોને ભણાવવા માટે મોડાસાના માલપુર રોડ પર આવેલ પરમહંસ સોસાયટીમાં રહેતા હોવાથી તેમનું રાયસીંગપુર ગામે આવેલ મકાન બંધ રહેતુ હતું. દરમિયાન અજાણ્યા શખ્સોએ તા.૧૪ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન બંધ મકાનમાં પ્રવેશી સોનાની ૧૦ લગડી, ૬ તોલાની ચેઈન, ૬૫ કિલો ચાંદીના છડા, ૧૦ સોનાની વીટી, ૧ કિલો ચાંદી, સરસ્વતી માતાજીની ચાંદીની મૂર્તિ, ૫ સિક્કા ચાંદીના, ૩ જોડ સોનાની બુટ્ટી, ૧ તોલો સોનાનો બ્રેસલેટ, ૭ સોનાના પેન્ડલ, ૨ સોનાની બંગડી તથા રૂા.૯૮,૫૦૦ મળી અંદાજે રૂા.૭,૬૪,૫૫૦ની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે નરસિંહભાઈને ખબર પડતા તેમણે રાયસીંગપુર ગામે આવી મકાનમાં તપાસ કર્યા બાદ માલમત્તા ચોરાઇ હોવાનું જણાતા શનિવારે ભિલોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ત્યારબાદ પી.એસ.આઈ. વી.એચ.ઠાકોર તથા રાઈટર ચંદ્રસિંહે ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા માટે ડોગ સ્કવોર્ડ તથા એફએસએલની મદદથી તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે રાયસીંગપુર ગામે એક મકાનમાંથી અજાણ્યા શખ્સો લાખ્ખો રૂપિયાની મત્તાની ચોરી કરી લઈ જતા ગામમાં ભયની લાગણી ફેલાઈ છે. તેમજ ગ્રામજનોએ પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલીંગ વધારવું જોઈએ તેવો પણ સૂર વ્યકત કર્યો છે.





# મેઢાસણ ગામના આંતરિક વિસ્તારો ગંદકીથી ખદબદતા રહિશો ત્રસ્ત

**હાઈસ્કૂલ, આંગણવાડી, દૂધ મંડળી, પૌરાણિક વાવ, દેવીપુરા જેવા વિસ્તારોમાં ગંદકીથી રોગચાળાનો ભય : સત્વરે ગંદકી દૂર કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ**

મોડાસા, તા. ૨૦

મોડાસા તાલુકાના મેઢાસણ ગામના કેટલાય વિસ્તારો ગંદકીથી ખદબદતાં હોવાથી રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગામમાં ફેલાયેલી ભારે ગંદકીના પગલે રોગચાળો ફાટી નીકળવાની દહેશત ફેલાઈ છે. ગ્રામ પંચાયત દ્વારા નિયમીત સફાઈ ન થતા ઠેર ઠેર ગંદકી જોવા મળે છે. ગામના મુખ્ય માર્ગ પર આવેલી હાઈસ્કૂલના માર્ગ પર ગંદુ પાણી ભરાઈ રહેતા બાળકોને શાળામાં જવા ગંદા પાણીમાં થઈને જવાનો વારો આવે છે અને શાળા આગળ ભરાઈ રહેલા પાણીમાં મચ્છર જેવા ઉપદ્રવના લીધે પાણીજન્ય રોગો ફેલાવાની શક્યતા રહેલી છે. જ્યારે વાવ નજીક આંગણવાડી આવેલી છે ત્યાં ઝાડી ઝાંકરા ઉગી નીકળ્યા છે. આ ઉપરાંત આંગણવાડી આગળ ગંદા પાણીની નીક ભરાયેલી રહે છે. જેના લીધે નાના ભુલકાના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. તેમજ દૂધ મંડળીની નજીક પણ ગંદકીના ઢગ મંડાયેલા રહેલા હોવા છતાં પણ ગ્રામ પંચાયત દ્વારા સફાઈ માટેના કોઈ પગલાં લેવામાં આવતા નથી તેવું ગ્રામજનોએ જણાવ્યું હતું. મેઢાસણ ગામમાં પૌરાણિક વાવ પણ આવેલી છે પરંતુ આ વાવની હાલત બદતર થઈ ઉઠી છે. વાવના મુખ્ય પ્રવેશદ્વાર પર તો ઝાડી ઝાંખરાઓએ અડીંગો જમાવી દીધો છે.

છેલ્લા કેટલાય વર્ષોથી તંત્ર દ્વારા આ વાવનું સમારકામ કે સફાઈકામ પણ કરવામાં આવ્યુ નથી. જેના લીધે વાવની હાલત દયનીય બની ગઈ છે. મેઢાસણ પંચાયતના દેવીપુરા ગામના મુખ્ય માર્ગ પર કાદવ કિચડના ઢગ જામી ગયા છે. જેના લીધે લોકોને વર્ષ દરમ્યાન ફરજીયાતપણે કાદવમાં પડીને જ જવું પડે છે. દેવીપુરા ગામમાં મજુરીયાત વર્ગ રહેતો હોવાથી તેમની રજુઆતોને ધ્યાને ન લેતુ હોવાથી મજબુરી વશ લોકોએ કાદવ કિચડમાં રહેવાનો વારો આવ્યો છે અને દેવીપુરા ગામથી આગળ આવેલા રાજપુર ગામે ધાર્મિક સ્થળે પગપાળા જતા યાત્રિકોએ પણ કાદવમાં થઈ જવુ પડે છે. જેના લીધે આજુબાજુના યાત્રિકોમાં પણ ગંદકીને લઈ રોષ જોવા મળે છે. હાલ તો મેઢાસણ ગામના જુદા જુદા વિસ્તારો ગંદકીથી પીડાઈ રહ્યા છે ત્યારે ગ્રામપંચાયત સત્વરે પગલાં લે તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.





# પાલનપુર પાલિકામાં પ્રમુખપદે નીલમબેન જાની અને ઉપપ્રમુખપદે અશોક ઠાકોરની વરણી

પાલનપુર, તા. ૨૦

ડીસામાં પાલિકા ભાજપ શાસિત બન્યા બાદ આજે પાલનપુરમાં નગરપાલિકાની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી નાયબ કલેક્ટર અને ચૂંટણી અધિકારી જે.બી. દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. પાલિકાના સભાખંડ ખાતે ૧૨ વાગે ચૂંટણી પ્રક્રિયાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ચૂંટણી અધિકારી સમક્ષ ભાજપમાંથી પાલિકા પ્રમુખ ઉમેદવાર માટે નીલમબેન જાની અને ઉપ પ્રમુખમાં અશોક ઠાકોર જ્યારે કોંગ્રેસમાંથી પ્રમુખ માટે આશાબેન રાવલ અને ઉપપ્રમુખ માટે ઈબ્રાહીમ મલેકે ઉમેદવારી નોંધાવી હતી. જેથી પાલિકાના સભાખંડમાં નવા ચૂંટાયેલા ભાજપના ૨૩ નગરસેવકો અને કોંગ્રેસના ૨૧ નગરસેવકો હાજર રહ્યા હતા. જોકે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષે પ્રમુખ અને ઉપપ્રમુખનું ઉમેદવારી રજુ કરતા આમ પાલિકાના કુલ ૪૪ સભ્યોની હાજરી પ્રમુખ અને ઉપ પ્રમુખ માટે મતદાન કરવાની ફરજ પડી હતી. જો કે પાલિકા ભાજપ પ્રમુખ નીલમબેન જોશી અને ઉપપ્રમુખ અશોક ઠાકોરને ૨૩ મતોથી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ભાજપના પાલનપુર પાલિકાના ભાજપ નવા પ્રમુખ નીલમબેન જાની પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ હરેશભાઈ જાનીના પુત્રવધૂ અને ડીસામાં ગોલ્ડન પાર્ક રહેતા નિવૃત્ત શિક્ષક ઈશ્વરભાઈ જોશીની દિકરી છે. નીલમબેન જાનીએ એફવાયબીએ સુધીનો અભ્યાસ કર્યો છે. ભાજપે આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી નવો ચહેરો મુક્યો છે. આજે પાલનપુર પાલિકા ફરી ભાજપ શાસિત બનતા ભાજપના આગેવાનો ખુશીનો માહોલ સાથે પાલિકા પ્રમુખ નીલમબેન જાનીનું વિજય સરઘસ નીકળવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, મહામંત્રી ગજેન્દ્ર સકશેના, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ હરેશભાઈ જાની તેમજ માધુભાઈ રાણા સહિત ભાજપના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અંબાજી ખાતે અખીલ ભારતીય અધ્યાપક મહામંડળના અધિવેશનનો પ્રારંભ

અંબાજી, તા. ૨૦

ગુજરાત જ નહી પણ ભારત દેશના ૨૪ રાજ્યોની સંગઠીત




અખીલ ભારતીય અધ્યાપક મહામંડળનો ત્રિદિવસીય એક અધિવેશન યાત્રાધામ અંબાજી ખાતે શરૂ થયું છે. જેને જાણીતા ધારાશાસ્ત્રી સુધીર નાણાવટી તેમજ ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના વાઈસ ચાન્સલર ગોડાનાએ દિપ પ્રગટાવીને અધિવેશનને ખુલ્લુ મુક્યુ હતુ. આ અધિવેશનમાં ભારત દેશ સહિત પડોશી દેશ સહીત બાંગ્લાદેશથી પણ કુલ ૧૫૦૦ જેટલા વિવિધ યુનિવર્સિટીના અગ્રણી અધ્યાપકો સહીત કુલપતીઓ ઉપસ્થિત રહ્યા હતા ને આ પ્રસંગે પ્રસંગોપાત સોવીનીયરનું પણ વિમોચન કરી ખુલ્લુ મુક્યું હતું. જોકે આ રાષ્ટ્રીય પરીસંવાદ કાર્યક્રમમાં અધ્યાપકો દ્વારા ભારતભરનાં અધ્યાપકોના પડતર પ્રશ્નોની પણ ચર્ચા કરાઈ હતી.

જેમાં ખાસ કરીને ૭માં પગાર પંચનું ગઢન કરવા, પી.એચ.ડી. રેગ્યુલેશન એક્ટ ૨૦૧૦માં થયેલ સુધારાના અમલ બાબતે તેમજ શિક્ષણનીતિ ગઢતી વખતે અધ્યાપક મંડળનો પ્રતિનિધિત્વ રાખવા માટેની પણ તીવ્ર માંગ કરાઈ છે. આ પ્રસંગે અંબાજી ખાતેના ઈ.ટીવી ના પત્રકાર મહેન્દ્ર અગ્રવાલનું ધારાશાસ્ત્રીને શિક્ષણવીદ સુધીર નાણાવટી દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

# ધનસુરા પંથકમાં કરવેરાની ચોરી કરનાર કારખાનેદારો સામે વેચાણ વેરા વિભાગ અને એક્સસાઈઝ વિભાગ દ્વારા તપાસ કરવા માંગ

**કરચોરો સામે સરકારી તંત્ર ધુતરાષ્ટ્રની આંખે જોતુ હોવાની રાવ : ભ્રષ્ટ અધિકારીઓ સામે એસીબીમાં આધાર-પુરાવા સાથે રજૂઆત કરવાની હિલચાલ**

ધનસુરા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના ધનસુરા પંથકમાં ક્વોરી ઉદ્યોગના મોટા કેન્દ્રો વડાગામ, રાજપુર, આકરૂન્દ, સીમલી જેવા ગામો ગણાય છે. ક્વોરી ઉદ્યોગના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ અને મશીનરી બનાવવાનો ઉદ્યોગ ફુલ્યો-ફાલ્યો છે. અને પરિણામે ધનસુરા નગર લાખોના વેપારનું એક મોટુ કેન્દ્ર બની ગયેલ છે. તાલુકામાં વેપાર-ઉદ્યોગનો વિકાસ એ આવકાર્ય બાબત છે. પરંતુ કેટલાક પ્રમાણિક ઉદ્યોગપતિઓ કે વેપારી વર્ગને બાદ કરતાં અનેક વેપારીઓ સરકારી કરવેરાની ચોરી કરી રહ્યા છે. જેમાં એક્સાઈઝ અને વેચાણવેરાની મોટા પાયે ચોરી થતી હોવાથી કારખાનેદારો અને વેપારીઓની બે હિસાબી આવકમાં જંગી વધારો થવા પામ્યો છે. રાતોરાત માલેતુજાર બની જતા આવા વેપારીઓ કે કારખાનેદારો સરકારી તિજોરીને તો લુંટી રહ્યા છે પરંતુ પોતાના બે હિસાબી નાણાંને સગે વગે કરવા મોં માગ્યા દામ આપી બે હિસાબી મિલકતો વસાવી રહ્યા છે. જેના લીધે સામાન્ય મધ્યમ વર્ગનો માણસ રોજગારી મેળવવા દુકાન કે જમીન ખરીદવા સક્ષમ રહેતો નથી અને ભ્રષ્ટ કારખાનેદારો કે વેપારીઓ સામે સ્પર્ધામાં ટકી શકે તેમ પણ નથી. એટલે પોતાના બે હિસાબી નાણાંને ઠેકાણે પાડવા ઉંચા ભાવે મિલકતો ખરીદતા શખ્સો સમાજનું પણ નુકશાન પહોંચાડે છે.

અરવલ્લી જિલ્લા આયકર વિભાગ દ્વારા કથિત કરચોરી અંગે અનેકવાર રૂબરૂ તેમજ અખબારો દ્વારા રજુઆતો થવા છતાં ભ્રષ્ટાચારના રંગે રંગાઈ ગયેલા ભ્રષ્ટ અધિકારીઓના પેટનું પાણી પણ હાલતુ નથી અને કરચોરો દ્વારા આપવામાં આવતું ગિફ્ટ પેકેટ મેળવી સબ સલામત બતાવી દે છે. પરંતુ આમાં સરકારી તિજોરીને મોટાપાયે નુકશાન થઈ રહ્યું છે. આ કરચોર કારખાનેદાર દ્વારા લિમિટેડ કંપની બનાવી દઈ કરચોરીનો નવો પેંતરો રચ્યો હોવાનું સમગ્ર પંથકમાં ચર્ચાઈ રહ્યું છે. અને તેનાથી આયકર વિભાગના ઉચ્ચ અધિકારીઓની છબીએ આમ જનતામાં ખરડાઈ રહી છે. ધનસુરા પંથકની જનતામાં સૌથી મોટુ આશ્ચર્ય એ છે કે આયકર વિભાગનું નામ આવતા ભલભલા ચમરબંધીઓ ફફડી જતા હોય છે. ત્યારે આ કરચોર કારખાનેદાર સામે અસંખ્યવાર રજુઆતો થવા છતાં મુછો પર હાથ રાખીને વાણી વિલાસ કરે છે કે બધા અધિકારીઓ મારા ખિસ્સામાં છે. જો આ કરચોરીની આ વાતમાં તથ્ય હોય તો અધિકારીઓ માટે આ બાબત સારી ન કહેવાય. જો આ અંગે તટસ્ટ તપાસ નહી કરાય તો આયકર વિભાગની વિજીલન્સ પાંખ સાથે લાંચરૂશ્વત વિરોધી બ્યુરોમાં પણ લેખિત ફરિયાદ થનાર હોવાનું જાણવા મળેલ છે.

# ઘીરાખાંટની મુવાડી ગામે આધેડ કૂવામાં પડી જતા મોત

માલપુર, તા. ૨૦

પ્રાપ્ત વિગત મુજબ ઘીરાખાંટની મુવાડી ગામના ખેતમજૂર ખોખર સોમાભાઈ પૂંજાભાઈ ઉં.વ. ૪૮ જેઓ બાજુના સજ્જનપુરા કંપામાં પટેલ પ્રવિણભાઈની જમીન ભાગે વાવતા હતા જે દરમ્યાન ખેતીકામ કરતા નજીકમાં કૂવા કિનારે પાણી પીવા જતાં આકસ્મિક રીતે કૂવામાં પડી જતાં તેમનું મોત નીપજ્યું હતું.